**સ્પે.દિ.મુ.નં.૧૧/૨૦૧૭.**

**<u>આંક–૫ ની અરજી નીચે હુકમ</u>**

(૧) પક્ષકારોના વ.શ્રીને સાંભળ્યા. અરજીની તથા જવાબની હકીકતો ધ્યાને લીધી. સદર કામે રેકર્ડ ધ્યાને લેતાં નિ. ૩/૨ થી વાદીએ તકરારી જમીન રૂા. ૩૦૦/– માં વેચાણ રાખેલનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે .જયારે પ્રતિવાદી તરફે તકરારી જમીન વડીલોના વખતથી સને ૧૯૬૪ થી ૨૦૦૨ સુધી તેમના વડીલો વાવતા હતા અને કબજો ધરાવતા હતા તે હકીકત બાબતે ગલબાજી અમીરજી તથા બબાજી ગલબાજીનુ નામ ચાલતુહતુ. તે ચલાવવા રેવન્યુ રેકર્ડના આધારે થયેલ હુકમોની નકલ સદર કામે રજુ થયેલ છે. નિ.૧૫/૨ માં આર.ટી.એસ.પાણીપત્રક /અપીલ કેસ નં.૫૫/૨૦૧૬ ના હૂકમમાં સને ૧૯૬૪ થી ૨૦૦૨ સુધીનુ પાણીપત્રક થયેલાનુ જણાવેલ છે. વાદી તરફે તેમના વકીલે સને ૧૯૬૩ માં તકરારી મિલ્કત ખરીદેલ છે. પરંતુ વાદી તરફે તકરારી મિલ્કતમાં તેમના વડીલો વખતથી કોઈ ખેતી કરવામાં આવેલ હોય તો તેનો ઉપજ– નિપજનો ખેતીનો તેમજ રેવન્યુ રેકર્ડનો કોઈ ઉતારો રજૂ થયેલ નથી પણ નિ. ૩/૨ તે સને ૧૯૬૩ નુ રેકર્ડ હોય સાથે સાથે પ્રતિવાદીના વકીલે સને ૧૯૬૪ થી ૨૦૦૨ સુધી જમીનના કબજામાં હતા તે નિ. ૧૫/૨ ના રેકર્ડ હુકમ આધારે પ્રથમદષ્ટિની હકીકત ફલીત થતા પ્રથમ દષ્ટિનો પુરાવો તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા સગવડતા અગવડતાનુ ધોરણ બંને પક્ષકારોની તરફેણમાં હોય બંને પક્ષકારોએ દાવાવાળી મિલ્કતની યથાવત સ્થિતિ જાળવી રાખવાનો હૂકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ:૩૦ મી, માહે–ડીસેમ્બર, સને: ૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

મુ. મોડાસા.
તા. ૩૦/૧૨/૨૦૨૨.

( એન.ડી. શર્મા )
જજ કોડ નં. જી.જે.૦૦૫૫૫
એડ પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ,
મોડાસા.

જે.આર. રાઠોડ, પી.એ.